Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

133

# વિકસિત ભારત @2047 ના વિઝનને હાંસલ કરવા

ગૌરવ જે. નિમાવત

(રિસર્ચ સ્કોલર)

શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

## ૧.૦ પ્રસ્તાવના:

"અમારો દેશ અમને અમારા

પ્રાણથી પણ પ્યારો છે

વહેતી જેમાં અમારા બધાની જીવન ધારા છે

વિકસિત, સમૃદ્ધ અને મહાન બને આ રાષ્ટ્ર

એવી અમારા બધાની આશા છે."

વિકસિત ભારત એટલે દરેક ક્ષેત્રમાં પ્રગતિ, પ્રગતિશીલ ભારત. જો આપણે આજે જોઈએ તો આપણો ભારત ઝડપથી વિકાસ કરી રહ્યો છે, ભારત અનાદી કાળથી વિકાસના પંથે ચાલી રહ્યું

છે. વિકસિત ભારત તે ભારત છે ,જ્યાં ગરીબી, નિરક્ષરતા જડમૂળથી ખતમ થઇ જશે જ્યાં બાળકો અને સ્ત્રીઓ દરેક પ્રકારના અત્યાચારોથી મુક્ત થાય અને દરેક ક્ષેત્રમાં અગ્રસ્થાને હોય. ભારત દુનિયાના સર્વશ્રેષ્ઠ સ્થળો પૈકી એક હોય અને તેની નેતૃત્વ ક્ષમતા પર લોકો ગર્વ કરી શકે એવું ભારત ખરા અર્થમાં વિકસિત ભારત કહેવાશે. આજથી ૨૫ વર્ષ પછી ૨૦૪૭ માં ભારત દેશ આઝાદીની ૧૦૦મી વર્ષગાંઠ મનાવશે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિકસિત ભારત બનાવવાનું લક્ષ્ય હાથ ધર્યું છે. આ ૨૫ વર્ષ એ દેશ માટે અમૃત કાળ છે.

## ૨.૦ વિકસિત ભારત @2047

હાલ ભારત દેશ દરેક ક્ષેત્રમાં ખુબ વિકાસ કરી રહ્યો છે. ત્યારે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો ઘર-ઘર સુધી પહોચાડવાના ઉદ્દેશ સાથે દેશભરમાં તા.૧૫ નવેમ્બર જન જાતીય ગૌરવ દિવસથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" નું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઝારખંડ ખાતેથી દેશવ્યાપી તેમજ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અંબાજી ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે. યોજનાકીય માહિતી સાથે તૈયાર કરવામાં આવેલા આધુનિક રથો ગામેગામ ભ્રમણ કરશે. ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓની માહિતી ગ્રામજનો સુધી પહોચાડવા વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

આ યાત્રાનો પ્રારંભ દેશના અનુસુચિત જનજાતિ વસ્તી ધરાવતા ૧૧૦ નોંધપાત્ર જિલ્લાઓની ૧૫મી નવેમ્બર ૨૦૨૩ થી અને અન્ય જિલ્લાઓમાં નવેમ્બર – ૨૦૨૩ ના ત્રીજા સપ્તાહથી કરવામાં આવી હતી. જેમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આગમન સમયે રથનું સ્વાગત

,પ્રધાનમંત્રીશ્રીનો વિડીયો સંદેશ, વિકસિત ભારતના સંકલ્પ લેવા સહિતના વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાય ગયાં.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી કે જે વિવિધ યોજનાઓનો લાભ લેવા પાત્ર છે પરંતુ લાભ મળ્યો નથી તેમના સુધી પહોચાડવાનો છે. ઉપરાંત યોજનાઓની માહિતીનો પ્રચાર પ્રસાર કરી નાગરિકોમાં જાગૃતિ લાવવા, સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના અનુભવ જાણવા તેમજ યાત્રા દરમિયાન નિશ્ચિત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરવી તેમને પણ સરકારી યોજનાઓનો લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્ય હાંસલ કરવાના ઉદ્દેશ સાથે આ યાત્રા યોજાય ગઈ.

યાત્રા દરમિયાન પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરી લેવાના આયોજન સાથે યોજનાનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે ગામડાઓમાં સંભવિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આમાં પણ લાભાર્થી બાકી ન રહી જાય એ માટે પ્રયત્નો કરવામાં આવેલ હતા.

### ૩.૦ યુવાઓની મદદથી ભારત બનશે વિકસિત દેશ

**વિકસિત** ભારત@2047 કાર્યક્રમમાં PM મોદીએ દેશના યુવાનો સમક્ષ તેમની યોજના રજૂ કરી છે. તેની પાસેથી આઇડિયા પણ માંગવામાં આવી રહ્યા છે. તે ઉપરાંત આ યોજનાને ‘વિકસિત ભારત @2047: યુવાનોનો અવાજ’ નામ આપવામાં આવ્યું છે.

**૪.૦ આઇડિયા અને ઈન્ડિયામાં i (આઈ) સૌથી પહેલા**

પીએમ મોદીએ કહ્યું કે આઇડિયા અને ઈંડિયામાં હું પહેલા આવું છું અને આ ઈન્ડિયા સૌથી અસરકારક રસ્તો હશે અલગ-વિકસિત ભારતના વિઝન હેઠળ શરૂ કરાયેલા પોર્ટલ પર પાંચ અલગ શ્રેષ્ઠ સૂચનો આપી શકાય છે. 10 સૂચનો અને વિચારો માટે ઇનામો પણ ગોઠવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આપણે એવિ યુવા પેઢી વિકસાવવાની છે જે રાષ્ટ્ર હિતને સર્વોપરી રાખીને આવનારા સમયમાં ભારતને પ્રગતિના પંથે અગ્રેસર રાખી શકે.

**૫.૦ ક્યાં આયોજિત થઈ 'વિકસિત ભારત@2024' વર્કશોપ**

આ માટે દેશના તમામ રાજભવનોમાં વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તમામ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરો અને ઘણી સંસ્થાઓના વડાઓ આમાં ભાગ લઈ રહ્યા છે અને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા દરેક જગ્યાએ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

**૬.૦ ઉપસંહાર :**

આર્થિક નિષ્ણાંતો કહે છે કે ભારતનું અર્થતંત્ર ૨૦૫૦ માં વિશ્વમાં અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરે આવી શકે છે. ભાવિના ગર્ભમાં શું છુપાયું છે તેની કોઈને ખબર નથી પણ સપનાં જોવાનો સૌને અધિકાર છે. જ્યારે આપણે નેશન ફર્સ્ટને પ્રાધાન્ય આપતા હોઈએ ત્યારે દેશને વિકસિત દેશોની હરોળમાં મૂકવાની વાતને પણ આવકરવાની જરૂર છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## ૭.૦ સંદર્ભ સૂચિ :

- www.mygov.in

- www.pmindia.gov.in

- www.cmogujarat.gov.in